**ઝઘડીયાના મે.એડી.ચીફ જયુડી. મેજી. સાહેબની કોર્ટમાં, મુ.ઝઘડીયા,જી.ભરૂચ**

ફો.કે.નં.૪૫૨/૨૦૨૬

શ્રી સ ર કા ર...                    .........ફરીયાદી.

વિરુઘ્ધ.

(૧) જીજ્ઞેશભાઈ હિરાભાઈ પટેલ,
રહે. માંડવા, તા.અંકલેશ્વર,

(૨) કિશનભાઈ ઉર્ફે મિસુ કંચનભાઈ વસાવા,
રહે. મુલદ,તા.ઝઘડીયા,

(૩) દલસુખભાઈ પરસોતમભાઈ વસાવા,

(૪) સચિનભાઈ વજેસીગભાઈ ખેરવાડીયા,

(૫) ગોવિંદભાઈ ફતેસીગભાઈ પરમાર,
નં. ૩ થી ૫ રહે. ગોવાલી,તા.ઝઘડીયા,

(૬) મહેન્દ્રભાઈ ઉર્ફે મંદો જીવણભાઈ વસાવા,
રહે. માંડવા,તા.અંકલેશ્વર,

(૭) હરેશભાઈ ઉર્ફે કાળીયો મણીલાલ વસાવા,
રહે. ગોવાલી,તા. ઝઘડીયા,જી.ભરૂચ.                ....આરોપીઓ.

ગુનોઃ—જુગાર ધારા કલમ—૧૨ મુજબ.

## // ઠરાવ //

**૧.** આ કામે ફરીયાદી પક્ષના કેસની ટૂંકમા હકીકત એવી છે કે આ કામના આરોપી ફરીયાદમાં જણાવેલ સમયે અને સ્થળે પૈસા પાના વડે હારજીતનો જુગાર રમતા ગંજીપાના તથા રોકડ રકમ સાથે મળી આવી જુગાર ધારાની કલમ—૧૨ મુજબનો ગુન્હો કરેલ જેથી તે અંગેનું પંચનામું કરી તેઓની ધરપકડ કરવામાં આવેલ અને કાયદેસરની ફરીયાદ કરવામાં આવેલી, તપાસના અંતે આરોપી સામે પુરતો પુરાવો જણાતા અદાલતમાં ચાર્જશીટ કરવામાં આવેલ છે.

**૨.** આરોપી સામેના ગુના સબબ આરોપી કોર્ટ સમક્ષ હાજર થતા આરોપીને અગાઉ પોલીસ પેપર્સની નકલો આપવામાં આવેલ, આરોપીએ પોતાની સામેના ગુનાની કબુલાત પુરશીસ સાથે રોકડ રકમ અંગેની " નો કલેઈમ" પુરશીશ રજુ કર્યા બાદ,આરોપીની પ્લી નોંધતા ગુનો કરેલાનુ કબુલ કરતા હોય, આરોપીને ગુનાની સજાની તેમજ દંડની જોગવાય અંગે સમજ આપવામાં આવેલી, આરોપીએ આપેલ કબુલાત ખરી અને સ્વેચ્છીક હોય, આરોપીનો હાલનો પ્રથમ ગુનો  હોય, આરોપીઓ ગરીબ કુટુંબના એક માત્ર

કમાનાર વ્યકિત હોય, પોતાના કુટુંબના સભ્યોની તેઓ પર જવાબદારી રહેલ હોય,ગુનો થવા બદલ અફસોસ, દિલગીરી વ્યકત કરતા હોય, ફરી ગુનો ન બને તેની ખાત્રી  આપતા હોય, નામદાર ગુજરાતની વડી અદાલતે ૨૦૦૫(૧), જી.એલ.આર.૭૦૯   સ્ટેટ ઓફ ગુજરાત વિરુધ્ધ નટવરલાલ હરીચંદ્રજી ઠાકોરના કેસમા એવો સિધ્ધાંત પ્રસ્થાપિત કરેલ છે કે, જો પુરતા અને વાજબી કારણો હોય, તો દરેક કેસની હકીકતો ધ્યાનમાં રાખી નીચેની અદાલતમાં કાયદામાં કરેલ જોગવાઈ કરતા પણ ઓછી સજા અને દંડ કરવાની સતા છે આમ સદરહું ચુકાદાના પાના નં.૭૨૧ ઉપર પેરા ૨૧ માં કારણો જણાવેલા છે તે   ધ્યાને લેતા ઉપરોકત ચુકાદો આરોપીઓની સ્થિતિ અને સંજોગો ધ્યાને લઈ કાયદાએ સુચવેલ ન્યુનતમ સજા કરતા ઓછી સજા અને દંડ કરવો જોઈએ તેમ મારૂ નમ્રપણે માનવુ છે તેવા સંજોગોમાં કેસના સંજોગો અને કાયદાની જોગવાઈ ધ્યાને રાખી નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**// હુ ક મ //**

(૧) આ કામના આરોઓપીને બી.એન.એસ.એસની કલમ–૨૭૫ મુજબ જુગાર ધારાની કલમ– ૧૨ મુજબના ગુનામા તકસીરવાન ઠરાવી આરોપીઓને કોર્ટ ઉઠતા સુધીની સજા  તેમજ દરેક આરોપીને રૂા.૩૦૦/–મળી કુલ રૂા. ૨૧૦૦/–(અંકે રૂપિયા બે હજાર એકસો પુરા) નો દંડ ભરવાનો હુકમ કરવામા આવે છે. જો આરોપી દંડ ન ભરે તો દિવસ–૦૨ (બે)ની સાદી કેદની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) મુદામાલ વાહનો તથા મોબાઈલ અંગે વચગાળાનો જે કોઈ હુકમ થયેલ હોય તે આથી કાયમ રાખવામાં આવે છે અન્યથા માલિકી અંગે ખરાઈ કરી વાહનો તથા મોબાઈલ મુળ માલિકને પરત સોપવાનો હુકમ કરવામા આવે છે.

(૩) મુદામાલ રોકડ રકમ સરકાર ખાલસા કરવી તથા બાકીના મુદ્દામાલનો નિયમાનુસાર નિકાલ કરવો.

હુકમ આજરોજ ખુલ્લી અંદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખ : ૧૬–૦૩–૨૦૨૬
સ્થળ : ઝઘડીયા

**(ઈ.આર.ક્ષત્રિય)**
પ્રિન્સીપાલ સીનીયર સિવિલ જજ અને
એડી.ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ, ઝઘડીયા
( જજ કોડ–જીજે૦૧૧૯૭ )